શ્રેષ્ઠ ખેલૈયાઓ - ગાંધીનગરના ગરબા ગુજરાત અને ગુજરાત બહાર વખણાય છે... ગાંધીનગરમાં યોજાતા નવરાત્રિ મહોત્સવમાં અબાલ વૃદ્ધ ભાવપૂર્વક ભાગ લે છે... જેમાં બાળ ખેલૈયાઓથી લઈ વરિષ્ઠ ખેલૈયાઓ ઉત્સાહભેર પોતાની નર્તન કલાને અભિવ્યક્ત કરે છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રિ મહોત્સવ-૨૦૧૪ના મેગા ફાઈનલના વિજેતાઓને ઈનામથી નવાજાયા હતા. વિવિધ કેટેગેરીમાં વિજેતા બનેલા શ્રેષ્ઠ ખેલૈયાઓ અનુક્રમે બેસ્ટ ચાઈલ્ડ કેટેગરીથી લઈને બેસ્ટ પરફોર્મન્સ કેટેગરીના વિજેતાઓને કાર્યક્રમના પ્રાયોજકો અને સંસ્થાના પદાધિકારીઓના હસ્તે ઈનામ વિતરણ કરાયા હતા. એક કલાક ચાલેલી મેગા ફાઈનલમાં તમામ સ્પર્ધકોએ મન મૂકીને ગરબા રમ્યા હતા. તીવ્ર સ્પર્ધામાં એક એકથી ચડિયાતા ખેલૈયાઓ કલ્ચરલ ફોરમના આંગણાનું ગૌરવ હતું. (તસવીર : દિપક જાની)

રૂપાલની પલ્લી મેળામાંથી ૧ હજાર કીલો શંકાસ્પદ 'ઘી'નો જથ્થો જપ્ત

રૂ. ૪.૪૩ લાખનો જથ્થો જપ્ત કરાયો : ૧૩ નમૂના તપાસ અર્થે પ્રયોગશાળામાં મોકલાયા

ગાંધીનગર, તા.૪

ભાવિકોની આસ્થાના કેન્દ્ર બિન્દુ સમાન રૂપાલના પલ્લી મેળામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે તપાસ હાથ ધરી શંકાસ્પદ ગુણવત્તા ધરાવતા ૧૧૧૫ કિલોગ્રામ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. અંદાજિત ૪.૪૩ લાખ કિંમતનું ઘી જપ્ત કરી તંત્ર દ્વારા આ ઘીના નમૂનાઓ તપાસ અર્થે પ્રયોગશાળામાં મોકલી દેવાયા છે. રૂપાલના પલ્લી મેળામાં માતાજીના અભિષેક માટે ઉપયોગમાં લેવાતા 'ઘી'ને અનુલક્ષી ૨૭ સ્ટોલ ધારકોને મંજુરી આપવામાં આવી હતી. મધુર, વિમલ, ઘી માહી અને ગોકુળ સહીતની બ્રાન્ડના તંત્ર દ્વારા ૧૩ નમુનાઓ લઈ તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી. કોશિયાના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે દર વર્ષે યોજાતા શ્રી વરદાયિની માતાના પલ્લીના મેળામાં માતાજીના અભિષેક માં વાપરવામાં આવતું ઘી કે જેની ગુણવત્તા અંગે તકેદારી રાખવા પલ્લીના મેળા પુર્વે રુપાલના તલાટી/મંત્રી/સરપંચનો સંપર્ક સાધી ઘીના વેચાણ માટેના સ્ટોલની ફાળવણી માટે કુલ ૨૭ જેટલા ઘીના સ્ટોલ ધારકોને મંજુરી આપવામાં આવી હતી. તંત્ર દ્વારા પલ્લીના દિવસે ફલાઈંગ સ્કવોર્ડ

● અનુસંધાન પાન-૭ પર

સે-૭ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. ભરવાડની વડોદરા શહેરમાં બદલી

આઠ પી.આઈ.ની બદલીઓના હુકમ રાજય પોલીસ વડાએ કર્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં સિનિયર પી.આઈ. તરીકે એક વર્ષથી ફરજ બજાવતા જે.એમ. ભરવાડની આજે વડોદરા શહેર ખાતે બદલી કરવામાં આવી છે. રાજય પોલીસ વડા પી.સી. ઠાકુરે રાજયભરમાંથી આઠ પી.આઈ.ની બદલીઓનો આદેશ કર્યો છે. જેમાં એસ.સી.આર.પી. પી.આઈ. એન.આર. પટેલને પાટણ, અરવલ્લી પી.આઈ. એમ.ડી. ઉપાધ્યાયને અમદાવાદ શહેર, ગાંધીનગર પી.આઈ. જે.એમ. ભરવાડને વડોદરા શહેર, સુરત શહેર પી.આઈ. વી.પી. ગામીતને ઈન્ટેલીજન્સ, ડી.જી. ચૌધરીને ઈન્ટેલીજન્સ, દાહોદ પી.આઈ. જે.એન. પંચાલને નવસારી, પોરબંદર પી.આઈ. જી.એ. સરવૈયાને સુરત શહેર અને સી.આઈ.ડી. કાઈમ પી.આઈ. બી.એસ. મોદીની સુરત શહેરમાં બદલી કરવામાં આવી છે.

દિલ્હીના અધિકારીઓએ ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લીધી

ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક સહીતની કામગીરીનું નિરિક્ષણ કર્યું : આર.ટી.ઓ.ના નિયમોમાં ફેરફાર અન્વયે વિભાગની ગતિવિધિઓ

ગાંધીનગર, તા.૪

કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં આર.ટી.ઓને લગતા નિયમોમાં ધરખમ ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે જે અંતર્ગત દિલ્હી વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓની ટીમે ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લઈ જરુરી અભ્યાસ હાથ ધર્યો હતો. નવા નિયમો અન્વયે દેશની તમામ આર.ટી.ઓ. કચેરીઓમાં પણ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનું નિર્માણ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. અધિકારીઓની ટીમ ગાંધીનગર સ્થિત ટ્રેકનું નિરિક્ષણ કરી સંતોષની લાગણી વ્યકત કરી હતી.

ભારત સરકાર કક્ષાએથી સમગ્ર દેશમાં આર.ટી.ઓ.ના નિયમોમાં જરુરી અને ધરખમ ફેરફારો કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે આ નિયમોમાં ફેરફાર કરવા સંદર્ભે વાહન વ્યવહાર વિભાગ દ્વારા જરુરી અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે તાજેતરમાં જ દિલ્હી વાહન વ્યવહાર વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યની સરકારી તિજોરી કચેરીઓમાં હિસાબી કામકાજનો સમય વધારાયો

ગાંધીનગર, તા. ૪

આધુનિક ટેકનોલોજી, કોમ્પ્યુટર અને ઈ-ગવર્નન્સ કન્સેપ્ટ સાથે રાજ્ય સરકારે તમામ તિજોરી કચેરીઓને સાયબર ટ્રેઝરી તરીકે કાર્યાન્વિત કરવા માટે તબક્કાવાર પગલાં લીધેલાં છે. બેંકિંગ ક્ષેત્રે વધી રહેલા કમ્પ્યુટરાઈઝેશનને કારણે બેંકિંગ કામકાજના સમયમાં વધારો થયો છે. તે જોતાં, રાજ્ય સરકાર દ્વારા તા. ૨૬-૯-૨૦૧૪ થી રાજ્યની સરકારી તિજોરી કચેરીઓમાં પણ હિસાબી કામકાજનો સમય વધારવાનું નક્કી કરાયું છે, એમ નાયબ સચિવશ્રી, નાણાં વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર તિજોરી કચેરી સાથેના કામકાજમાં ઝડપ અને ચોકસાઈ આવે તેથી સરકારી તિજોરી કચેરીઓનો હિસાબી કામકાજનો સમય સોમવારથી શુક્રવાર દરમિયાન ૧૦.૪૫ થી ૧૪.૦૦ સુધીનો છે, તે વધારીને હવે ૧૦.૪૫ થી ૧૬.૦૦ કરવામાં આવે છે. તેમજ ચાલુ શનિવારે હિસાબી કામકાજનો સમય ૧૦.૪૦ થી ૧૨.૩૦ હતો તે વધારીને ૧૦.૪૫ થી ૧૩.૦૦ કરવામાં આવે છે.

રાજ્યકક્ષાની નવરાત્રી રાસ ગરબા સ્પર્ધાનું પરિણામ

ગાંધીનગર, તા. ૪

અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા પૂર્ણ થતાં સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષ સ્થાને વિજેતા ટીમોનું રોકડ પારિતોષિક અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાચીન વિભાગમાં પ્રથમ શ્રી કે.પી. ધોળકીયા મહિલા કોલેજ અમરેલી, દ્વિતીય ક્રમે શ્રી જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય ધ્રોળ જિલ્લો જામનગર અને તૃતિય ક્રમે સપ્તધ્વની કલા વૃંદ સુરત શહેરની ટીમ વિજેતા બની હતી. અર્વાચીન ગરબામાં પ્રથમ ક્રમે શ્રી એસ.એલ. પી.ટી.બી.બી.એ. મહિલા કોલેજ અમરેલી, દ્વિતીય ક્રમે અસ્તાન કન્યા વિદ્યાલય સુરત ગ્રામ્ય અને ગાંધીનગરની પનઘટ કલાકેન્દ્ર તૃતિય ક્રમે વિજેતા બની હતી. રાસ વિભાગમાં પ્રથમ ક્રમે શ્રી સોનલ રાસ મંડળ ખંભાળીયા જિ. દેવભૂમિ દ્વારકા તથા દ્વિતીય સ્થાને રાજપૂત પરા રાસ મંડળ, માણાવદર, જી. જુનાગઢ ગ્રામ્ય તથા તૃતિય ક્રમે શ્રી રાજશક્તિ રાસ મંડળ જામનગર શહેરની ટીમ વિજેતા બની હતી.

વિજેતા કલાવૃંદોને પ્રોત્સાહિત કરવા વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ દ્વારા તથા રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નિયમિત ધોરણે રોકડ પુરસ્કાર એનાયત કરાયા હતા. આ પ્રસંગે સાંસ્કૃતિક વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહા તથા કમિશનરશ્રી કે.ડી. કાપડીયાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નવલા નવરાત પર્વની ઉજવણી બાદ સેકટરોની શેરીઓમાં સૂનકાર

ડસ્ટ ફ્રી અને રેઈન ફ્રી નવરાત્રિના લીધે ખેલૈયાઓએ મનભરીને ગરબાની મોજ માણી

ગાંધીનગર, તા.૪

નગરમાં નવલા નવરાત પર્વની ઉજવણી ભકિતભાવના સભર અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે નવ-નવ દિવસ સુધી આદ્યશકિતનીઆરાધના સાથે ગરબા મેદાનમાં હીલોળે ચઢેલા નવયૌવનના લીધે નગરના જનજીવનમાં અનોખો નિખાર જોવા મળતો હતો જયારે નવરાત દરમિયાન ખાસ કરીને ગાંધીનગરમાં મેઘરાજાએ ખમૈયા કરતા રેઈન ફ્રી નવરાત્રિના લીધે ખેલૈયાઓનો ઉત્સાહ બેવડાયો હતો. જો કે નવરાત્રિનું પર્વ પૂર્ણ થતા શહેરના મુખ્યમાર્ગોથી લઈ સેકટરોની શેરીઓમાં પણ અનોખો સૂનકાર છવાયેલો જોવા મળે છે. બીજી તરફ મીની વેકેશનના માહોલના લીધે સાંજ ઢળતા જ નવરાત દરમિયાન ધમધમતું જનજીવન પણ જાણે સુનું પડી ગયું હોવાનો અહેસાસ નાગરિકો કરી રહ્યા છે.

નગરમાં નવરાત્રિનું પર્વ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા બાદ સેકટરોની શેરીઓમાં રોશનીની ઝાકમઝોળ વચ્ચે જામતી શેરી ગરબાની રંગતના અભાવે હવે અનોખો સૂનકાર જોવા મળે છે. નવરાત્રિ દરમિયાન સાંજ ઢળતા જ રોશની અને પ્રકાશથી ઝગમગતા શહેરના રસ્તાઓ પર હવે સન્નાટો જોવા મળી રહ્યો છે. નવરાતના દિવ્ય પર્વની ભવ્ય ઉજવણીના અંતે સાંજ ઢળતા જ રાત્રિના સમયે શહેરમાં જનજીવનમાં સુસ્તી પ્રવર્તી છે. નવરાત દરમિયાન આ વખતે વરસાદ પણ વિઘ્ન ન બનતા નગરજનો સહીત ગરબા પ્રેમીઓનો ઉત્સાહ બેવડાયો હતો. ડસ્ટ ફ્રી અને રેઈન ફ્રી ગરબા મહોત્સવે નવરાતની ઉજવણીને વધુ સંગીન બનાવી દીધી હતી. સમગ્ર રાજયમાં સૌરાષ્ટ્ર સહીતના અનેક શહેરોમાં તેમજ ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં પણ વરસાદે હાજરી પુરાવી હતી પરંતુ આ મામલે નગરના ગરબા પ્રેમીઓ નસીબદાર પૂરવાર થયા હતા. મેઘરાજાએ ખેલૈયાઓ ઉપર ખમૈયા કરતા નવરાતનો ઉત્સાહ બેવડાયો હતો. જો કે નવ નવ રાતની ઝાકમઝોળ બાદ હવે નગરમાં અનોખો સુનકાર છવાયેલો જોવા મળે છે.

છુટા કરાયેલા ૧૧ રોજમદાર ડ્રાઈવરોને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા હાઈકોર્ટનો આદેશ

નોકરીમાંથી છૂટા કરાયેલા અરજદારોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં નિયમિત કરવા આદેશ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિયુક્ત કરાયેલા વર્ગ-૩ ના રોજમદાર ૧૧ ડ્રાઈવરોના કિસ્સામાં હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે જી.પી.સી.બી.ને નોકરીમાંથી છૂટા કરાયેલા ડ્રાઈવરોને પુનઃ સ્થાપિત કરવા આદેશ કર્યો છે. હાઈકોર્ટે ચુકાદામાં તેમ પણ ટાંક્યું છે કે ૧૬ વર્ષની અવિરત લાંબી નોકરીના સમયગાળા બાદ આ પ્રકારના રોજમદાર કર્મચારીઓને છૂટા કે બરતરફ કરી શકાય નહી. જ્યારે આવા કર્મચારીઓની જગ્યાએ અન્યને કરાર આધારિત ધોરણે નિમણૂંક આપી શકાય નહી.

આ કેસની હકીકત એવી છે કે, અરજદાર નવિનભાઈ કાંબલી તથા અન્ય ૧૧ રોજમદાર ડ્રાઈવર તરીકે વર્ગ-૩ ના કર્મચારી તરીકે ૧૯૯૭ના વર્ષમાં તેઓને ગુજરાત પ્લોયુશન કંટ્રોલ બોર્ડમાં એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ દ્વારા નામ મંગાવી, ઈન્ટરવ્યુ લઈ તેમજ ટેસ્ટ ડ્રાઈવ લીને ત્રણ માસ માટે ડ્રાઈવર તરીકે નિમણુંક આપવામાં આવી હતી. ત્યારબાદ આ રોજમદાર ડ્રાઈવરોને વખતો-વખત તેઓનો કોન્ટ્રાક્ટ લંબાવીને વર્ષ ૨૦૧૩ સુધી નોકરીમાં રાખેલા હતા. પરંતુ ત્યારબાદ વન અને પર્યાવરણ ખાતાએ ૨૦૧૦ના વર્ષમાં આ પ્રકારના કરાર આધારીત કર્મચારીઓની કામગીરી આઉટ સોર્સિંગ પદ્ધતિથી કરવાની નીતિ અખત્યાર કરવામાં આવી અને કરાર આધારીત કામ કરતા અરજદારોને કાયમી કરવા માટેની જી.પી.સી.બી.ની દરખાસ્ત વન અને પર્યાવરણ વિભાગે ફગાવી દીધેલી હતી. સરકારે જી.પી.સી.બી.ને જણાવ્યું હતું કે, આવા કર્મચારીને નોકરીમાંથી દૂર કરી તેની જગ્યાએ આઉટ સોર્સિંગ પદ્ધતિથી અન્ય ડ્રાઈવરોની ભરતી કરવી. અરજદારના એડવોકેટ જિત જયંત

● અનુસંધાન પાન-૭ પર

આવા મોબાઈલ નંબરથી ચેતતા રહેજો

સલાલ, તા.૪

દિન પ્રતિદિન છેતરપીંડીના કેસો બનતા રહે છે વિવિધ તરકીબોથી લોકોના પૈસા પડાવવાનો તાજેતરના કિસ્સાથી ચેતવા જેવું છે. મો.નં. ૦૯૨૩૦૪૪૪૬૧૧૮પથી ફોન આવ્યો કે તમારે ૨૫ લાખની લોટરી લાગી છે. વધુ માહિતી માટે ફોન ૦૦૯૨૩૩૩૯૯૧૨૦૯૯ ઉપર સંપર્ક કરો આ રકમ તમને એસબીઆઈ બેંકના ખાતામાં જમા મળશે. બેંક ખાતાનો નંબર આપ્યેથી તેમાંથી જમા રકમની વિગત જાણી અવનવી તરકીબોથી પૈસા ઉપાડી લેવાતા હોય છે. એટલે આવા લેભાગુ તત્વોથી ચેતવા જેવું ખરું.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
R.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઈ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૪, મો. : ૯૪૨૬૫ ૦૯૪૫૨, ૯૬૦૪૦ ૦૦૬૮૯

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com